SC

 www.downloadmela.com 

**SARDAR PATEL UNIVERSITY**
**B.A. (V Semester) Examination**
**Wednesday, 25 March 2015**
**10.30 am - 1.30 pm**
**UA05EHIS23 - History : Indian History Part-1 - Paper 23**

**Total Marks: 70**

સૂચના : (૧) જમણીબાજુના અંક ગુણ દર્શાવે છે.
(૨) પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં પૂરા વાક્યમાં લખો.

પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૧૮)

(૧) સિંધુ સંસ્કૃતિનું હરપ્પા ઉપરાંત બીજું સૌથી વધુ જાણીતું કેન્દ્ર ...................... હતું.
(શાહીતુંપ, ચાન્હુદડો, ઝૂકર, મોહેં-જો-દડો)

(૨) મોહેં-જો-દડો ......................... નદીના કિનારે વિકસેલું હતું.
(રાવી, સતલુજ, સિંધુ, બિયાસ)

(૩) સિંધુ સંસ્કૃતિના સર્જકો મોટે ભાગે ................. હતા.
(આર્યો, દ્રવિડો, આરબો, મોંગોલિયન)

(૪) લોથલની શોધ ...................... સાલમાં થઈ હતી.
(૧૯૨૧, ૧૯૫૪, ૧૯૫૮, ૧૯૬૦)

(૫) જાદુ, ભૂત-પ્રેત અને રોગનાશનાં મંત્રો ......................... વેદમાં છે.
(ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ, યજુર્વેદ)

(૬) આર્યોનો સૌથી પ્રાચીન વેદ ....................... છે.
(સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, ઋગ્વેદ)

(૭) મહાભારતની મૂળ રચના ...................... કરી હતી.
(કણાદે, વેદવ્યાસે, અત્રિએ, શ્રીકૃષ્ણે)

(૮) જૈન ધર્મની પહેલી પરિષદ ...................... સ્થળે યોજાઈ હતી.
(ધરમશાલા તક્ષશિલા, ઉજ્જૈન, પાટલીપુત્ર)

(૯) સિદ્ધાર્થે ........................ સ્થળે ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી.
(ઉરુવેલા, લુમ્બિનીવન, જેતવન, ત્રણમાંથી કોઈ નહીં)

(૧૦) ગૌતમ બુદ્ધે લોકોને ......................... ભાષામાં ઉપદેશ આપ્યો હતો.
(અર્ધમાગધી, પાલી, હિન્દી, ત્રણમાંથી એકપણ નહીં)

(૧૧) મૌર્ય વહિવટીતંત્રમાં સૌથી નાનું એકમ .......................... હતું.
(નગર, પાટનગર, ગ્રામ, પ્રાંત)

(૧૨) ભારતનો પ્રથમ ઐતિહાસિક રાજ્યવંશ .......................... ને ગણવામાં આવે છે.
(શુંગ, કાણ્વ, મૌર્ય, શાક્ય)

(૧૩) ................... વંશના રાજાઓ પોતાને 'પરમ ભાગવત' તરીકે ઓળખાવતા હતા.
(મૌર્ય, કુષાણ, ગુપ્ત, શુંગ)

(૧૪) ગુજરાતનો સર્વપ્રથમ મુસ્લિમ સુબો ....................... હતો.
(દરિયાખાન, અલ્પખાન, તાજુદ્દીન ઝફર, ઉલુગખાન)



www.downloadmela.com - World's number one free educational download portal

www.downloadmela.com - World's number one free educational download portal

(૧૫) શિવાજીનો રાજ્યાભિષેક ........................ ના કિલ્લામાં થયો હતો.
(તોરણા, સિંહગઢ, રાયગઢ, માનગઢ)

(૧૬) મરાઠાઓના ઈતિહાસમાં સૌથી મહાન પેશ્વા તરીકે .................. ની ગણના થાય છે.
(બાજીરાવ પહેલો, બાજીરાવ બીજો, બાલાજી બાજીરાવ, માધવરાવ પહેલો)

(૧૭) .................. બાદશાહનું અવસાન પુસ્તકાલયની સીડી ઉપરથી પડી જતાં થયું હતું.
(બાબર, અકબર, હુમાયુ, જહાઁગીર)

(૧૮) સર જદુનાથ સરકારે .................... ને 'સંયુક્ત લશ્કરોનો કુશળ સંચાલક' કહ્યો છે.
(શિવાજી, અંબરનો રાજા જયસિંહ, બાજીપ્રભુ દેશપાંડે, શાઈસ્તખાન)

પ્ર.૨ નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)

(૧) સિંધુ સંસ્કૃતિના લોકો શરૂઆતમાં કઈ ધાતુથી અજાણ હતા ?
(ક) સોનું (ખ) કાંસુ (ગ) લોખંડ (ઘ) તાંબુ

(૨) નીચેનામાંથી કયું 'ઉપનિષદ' નથી ?
(ક) બૃહદારણ્યક (ખ) ઐત્તરેય (ગ) છંદોગ્ય (ઘ) સાંખ્ય

(૩) સારનાથનો શિલાસ્તંભ કયા રાજ્યમાં આવેલો છે ?
(ક) ઉત્તરપ્રદેશ (ખ) બિહાર (ગ) પં. બંગાળ (ઘ) ઓરિસ્સા

(૪) નીચેનામાંથી કયા રાજાને 'હિન્દનો નેપોલિયન' કહે છે ?
(ક) પુલકેશી બીજો (ખ) સમુદ્રગુપ્ત (ગ) ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (ઘ) ચંદ્રગુપ્ત મૌર્ય

(૫) સમ્રાટ હર્ષ દર પાંચ વર્ષે નીચેનામાંથી કયા સ્થળે 'મોક્ષ પરિષદ' યોજતો ?
(ક) કનોજ (ખ) ઉજ્જયિની (ગ) પ્રયાગ (ઘ) દિલ્હી

(૬) સોલંકી વંશની સ્થાપના કોણે કરી હતી ?
(ક) મૂળરાજ (ખ) રાજિ (ગ) ચામુંડરાજ (ઘ) દુર્લભરાજ

(૭) ગુપ્તયુગમાં કઈ ભાષા રાજભાષા હતી ?
(ક) સંસ્કૃત (ખ) બિહારી (ગ) પાલી (ઘ) હિન્દી

(૮) રથમંદિરો માટે સુપ્રસિદ્ધ 'મહાબલિપુરમ્' હાલના કયા રાજ્યમાં આવેલું છે ?
(ક) ઓરિસ્સા (ખ) આંધ્ર (ગ) તમિલનાડુ (ઘ) કર્ણાટક

(૯) 'પ્રબંધ ચિંતામણી' નામે ઐતિહાસિક કાવ્ય-ગ્રંથની રચના કોણે કરેલી છે ?
(ક) મેરુતુંગાચાર્ય (ખ) હેમચંદ્રાચાર્ય (ગ) જયસિંહ સૂરિ (ઘ) સોમેશ્વર દત્ત

(૧૦) ચરક અને સુશ્રુત નામે બે આયુર્વેદાચાર્ય કોના દરબારના વિદ્વાનો હતા ?
(ક) કનિષ્ક (ખ) ચંદ્રગુપ્ત મૌર્ય (ગ) ચંદ્રગુપ્ત બીજો (ઘ) સમુદ્રગુપ્ત

(૧૧) નીચેનામાંથી કયો ગુપ્ત રાજા સંગીતજ્ઞ હોવાનો પુરાવો વીણાવાહન કરતા તેના સિક્કાઓ પરથી મળે છે ?
(ક) ચંદ્રગુપ્ત પહેલો (ખ) સ્કંદગુપ્ત (ગ) શ્રીગુપ્ત (ઘ) સમુદ્રગુપ્ત

(૧૨) કોણાર્કનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલું છે ?
(ક) બંગાળ (ખ) બિહાર (ગ) ઓરિસ્સા (ઘ) આંધ્ર

(૧૩) ચંદ્રગુપ્ત બીજાએ પ્રાપ્ત કરેલ મહાન સિદ્ધિ કઈ ?
(ક) હુણો ઉપરનો વિજય (ખ) શકવિજય (ગ) ચાલુક્ય વિજય (ઘ) ત્રણમાંથી કોઈ નહીં.

(૧૪) પાટણનું સહસ્ત્રલિંગ સરોવર કોણે બંધાવ્યું હતું ?
(ક) ભીમદેવ પહેલો (ખ) ભીમદેવ બીજો (ગ) સિદ્ધરાજ જયસિંહ (ઘ) કુમારપાળ

(૧૫) ગુજરાતમાં નીચે પૈકી કયા સ્થળે સૂર્યમંદિર આવેલું છે ?
(ક) સિદ્ધપુર (ખ) પાટણ (ગ) પાલનપુર (ઘ) મોઢેરા

www.downloadmela.com

www.downloadmela.com

(૧૬) રજપૂત યુગ દરમિયાન કયા ધર્મનો પ્રચાર લગભગ બંધ થયો હતો ?

(ક) શૈવ (ખ) ભાગવત (ગ) બૌદ્ધ (ઘ) જૈન

(૧૭) 'હર્ષચરિત' નામે ગ્રંથ કોણે લખેલો છે ?

(ક) બાણભટ્ટ (ખ) વાગ્ભટ્ટ (ગ) આર્યભટ્ટ (ઘ) ચંદ બારોટ

પ્ર.૩ નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)

(૧) મહમૂદ ગઝનીની ભારત ઉપરની ચઢાઈઓમાં સૌથી મોટી મહત્વની અને જાણીતી ચઢાઈ કઈ છે ?

(ક) સોમનાથ (ખ) પંજાબ (ગ) વાયવ્ય સરહદ (ઘ) કલિંજર

(૨) મુહંમદ ગોરી અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે થયેલું યુદ્ધ નીચેનામાંથી કયા નામે ઓળખાય છે?

(ક) ચૌસાનું યુદ્ધ (ખ) કલિંજરનું યુદ્ધ (ગ) તરાઈનું યુદ્ધ (ઘ) નગરકોટનું યુદ્ધ

(૩) ઈ.સ. ૧૨૦૬માં કુતુબુદ્દીન ઐબકે દિલ્હીમાં કયા રાજવંશની સ્થાપના કરી?

(ક) ખલજીવંશ (ખ) લોદીવંશ (ગ) સૈયદવંશ (ઘ) ગુલામવંશ

(૪) કયા મુસ્લિમ સરદારે નાલંદા અને વિક્રમશીલા વિદ્યાપીઠનો નાશ કર્યો ?

(ક) મલેક કાફૂર (ખ) ચંગીઝખાન (ગ) બખ્તિયાર ખલજી (ઘ) મહંમદ-બિન-કાસિમ

(૫) દિલ્હીની પ્રથમ સ્ત્રી રાજ્યકર્તા કોણ હતી ?

(ક) નૂરજહાઁ (ખ) ચાંદબીબી (ગ) જહાઁઆરા (ઘ) રઝિયાબેગમ

(૬) દિલ્હી સલ્તનતના વહીવટીતંત્રમાં લશ્કરી ખાતાનો વડો કોણ હતો ?

(ક) આરિઝ-ઈ-મુમાલિક (ખ) બરિદ-ઈ-મુમાલિક (ગ) દીવાન-ઈ-ઈન્શા (ઘ) દીવાન-ઈ-રસાલત

(૭) ખલજીવંશની સ્થાપના કોણે કરી હતી ?

(ક) અલાઉદ્દીન (ખ) બલ્બન (ગ) જલાલુદ્દીન ફિરોઝ (ઘ) ઉલુખખાન

(૮) કયો સુલતાન ઈતિહાસમાં 'તરંગી સુલતાન' નામે જાણીતો છે ?

(ક) અલાઉદ્દીન ખલજી (ખ) મુહંમદ તઘલખ (ગ) જલાલુદ્દીન ફિરોઝ (ઘ) ઈબ્રાહીમ લોદી

(૯) 'પદ્માવત' નામે સુપ્રસિદ્ધ કાવ્યની રચના કોણે કરેલી છે ?

(ક) કવિ જયદેવ (ખ) મહંમદ જાયસી (ગ) શેખ ઉસમાન ગાઝીપુરી (ઘ) ચંડીદાસ

(૧૦) કયો સુલતાન બજાર નિયંત્રમ અંગેના સુધારા માટે જાણીતો છે ?

(ક) અલાઉદ્દીન ખલજી (ખ) મહંમદ તઘલક (ગ) ઈલ્તુમિશ (ઘ) બલ્બન

(૧૧) સંગમવંશનો પ્રથમ શાસક કોણ હતો ?

(ક) બુક્કા (ખ) હરિહર (ગ) દેવરાય (ઘ) વીરનરસિંહ

(૧૨) મહમદ બેગડાના સમયમાં નીચેનામાંથી કયું શહેર ઘોડાના સોદાગરોનું અગત્યનું મથક બન્યું હતું.

(ક) સુરત (ખ) અમદાવાદ (ગ) ખંભાત (ઘ) દીવ

(૧૩) બાબરે બંધાવેલી કાબૂલી મસ્જિદ કયાં આવેલી છે ?

(ક) આગ્રા (ખ) દિલ્હી (ગ) પાણીપત (ઘ) કુરુક્ષેત્ર

(૧૪) સલ્તનતકાળની મુસ્લિમ સ્થાપત્ય શૈલી ઈતિહાસમાં કયા નામે ઓળખાય છે ?

(ક) ઈરાની શૈલી (ખ) ગાંધાર શૈલી (ગ) ભારતીય-તુર્કી શૈલી (ઘ) ભારતીય-ઈસ્લામી શૈલી

(૧૫) અકબરે રાણી જોધાબાઈનો મહેલ કયાં બંધાવ્યો હતો ?

(ક) આગ્રા (ખ) દિલ્હી (ગ) શાહજહાંનાબાદ (ઘ) ફત્તેહપુર સિક્રી

(૧૬) શિવાજીની યુદ્ધ પદ્ધતિ ઈતિહાસમાં કયા નામે ઓળખાય છે ?

(ક) કેસરિયા (ખ) ગેરીલા (ગ) માવળા (ઘ) આકાશી

(૧૭) જોનપુર અને ફિરોઝાબાદ નામે નગરો કોણે વસાવ્યાં હતા ?

(ક) સિકંદર લોદી (ખ) ફિરોઝશાહ તઘલક (ગ) મુહંમદ તઘલક (ઘ) ખિજરખાન લોદી



www.downloadmela.com - World's number one free educational download portal

www.downloadmela.com - World's number one free educational download portal

પ્ર.૪ નીચે આપેલા 'અ' અને 'બ' વિભાગમાંથી સાચા વિકલ્પ શોધી જોડકાં જોડો.

(ક) (૦૬)

| અ | | બ |
|---|---|---|
| (૧) ઈ.સ. ૧૦૨૫ | - | પાણીપતનું ત્રીજું યુદ્ધ |
| (૨) ઈ.સ. ૧૫૨૬ | - | શિવાજીનો જન્મ |
| (૩) ઈ.સ. ૧૫૫૬ | - | હલ્દીઘાટીનું યુદ્ધ |
| (૪) ઈ.સ. ૧૫૭૬ | - | પાણીપતનું બીજું યુદ્ધ |
| (૫) ઈ.સ. ૧૬૨૭ | - | પાણીપતનું પ્રથમ યુદ્ધ |
| (૬) ઈ.સ. ૧૭૬૧ | - | મહમદ ગઝનીની સોમનાથ પર ચઢાઈ |

(ખ) (૦૬)

| અ | | બ |
|---|---|---|
| (૧) સિદ્ધરાજ જયસિંહ | - | શિવાજીના ગુરુ |
| (૨) બાજીરાવ પહેલો | - | અકબરના દરબારનો વિદ્વાન |
| (૩) જહાઁગીર | - | કુતુબમિનાર |
| (૪) બીરબલ | - | સહસ્ત્રલિંગ સરોવર |
| (૫) રામદાસ | - | મરાઠાસંઘનો સ્થાપક |
| (૬) કુતુબુદ્દીન ઐબક | - | કાશ્મીરનો શાલીમાર બાગ |

(ગ) (૦૬)

| અ | | બ |
|---|---|---|
| (૧) રાણી રૂડાદેવી | - | ગુજરાતનો સૌપ્રથમ સુલતાન |
| (૨) શિવાજી | - | ઈલોરાનું કૈલાસમંદિર |
| (૩) સમ્રાટ અશોક | - | ગીરનારનો શિલાલેખ |
| (૪) અકબર | - | અષ્ટ પ્રધાન મંડળ |
| (૫) તાતારખાન | - | મનસબદારી પદ્ધતિ |
| (૬) રાજા કૃષ્ણ પહેલો | - | અડાલજની વાવ |

* * * * *